ક્રમાંક:-મઉમશબ/માધ્યમિક/2021/1095
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ,
સેક્ટર-10-બી, ગાંધીનગર.
તા.07/06/2021

પ્રતિ,

(1) આચાર્યશ્રીઓ,
રજિસ્ટર્ડ માધ્યમિક શાળાઓ (તમામ),
ગુજરાત રાજય.

(2) પ્રધાનાચાર્યશ્રીઓ,
સંસ્કૃત પાઠશાળાઓ (પ્રથમા) તમામ,
ગુજરાત રાજય.

વિષય:- વર્ષ-2021 ધો.10 એસ.એસ.સી. પરીક્ષાના નિયમિત ઉમેદવારોના ઓનલાઇન ગુણ ભરવાની સૂચનાઓ.

સંદર્ભ:- મઉમશબ/માધ્યમિક/મા.પ્ર-2021/1089 તા:-03/06/2021નો પત્ર.

મહાશય,

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વર્તમાન કોવિડ-19ના સર્વવ્યાપી સંક્રમણના કારણે સમગ્ર રાજ્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ શિક્ષણ શક્ય ન બનતાં રાજ્યસરકારશ્રી દ્વારા તા:-13/05/2021 ના રોજ ધો.10ના નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી પાસ જાહેર કરવાનું ઠરાવેલ છે. રાજ્ય સરકારશ્રીના હુકમથી ધો.10ના વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રના નિમવામાં આવેલ વિવિધ તજજ્ઞોની સમિતિ બનાવી પરિણામ તૈયાર કરવા બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. સમિતિના તમામ સભ્યશ્રીઓની વિસ્તૃત ચર્ચા બાદ પરિણામના તમામ આધારભૂત સ્તંભ તૈયાર કરી અહેવાલ રાજ્ય સરકારશ્રીને સાદર કરવામાં આવેલ. રાજ્ય સરકારશ્રી દ્વારા સમિતિની ભલામણોનો સ્વીકાર કરેલ છે અને તેના આધારે ધો.10ના નિયમિત વિદ્યાર્થીનું પરિણામ તૈયાર કરવા માટે બોર્ડ દ્વારા તા:-03/06/2021ના રોજ વિગતવાર પરિપત્રની જાણ કરવામાં આવેલ છે. તેના આધારે શાળા કક્ષાએ પરિણામ તૈયાર કરી બોર્ડની વેબસાઇટ www.gseb.org પર અપલોડ કરવા જણાવવામાં આવે છે.

અગાઉના વર્ષોમાં શાળા કક્ષાના વિષય અને આંતરિક મૂલ્યાંકનના ગુણને ઓનલાઇન દર્શાવવામાં આવતા હતા. આ વર્ષે માસપ્રમોશનને કારણે બતાવેલ ફોર્મ્યુલા મુજબ ગુણપત્રક તૈયાર કરી વિદ્યાર્થીના નામ, એપ્લીકેશન નંબરની સામે 80+20 ગુણ બોર્ડ કક્ષાના વિષયમાં દર્શાવવાના રહેશે, જ્યારે શાળા કક્ષાના વિષયમાં 50+50+20 ગુણ અપલોડ કરવાના રહેશે.

RMSA સંચાલિત શાળામાં વ્યવસાયલક્ષી વિષય ભણાવવામાં આવતો હોય તો 30+20 પ્રમાણે ગુણાંકન કરવાનું રહેશે અને (30+50) 80 + 20 મુજબ ઓનલાઇન ભરવાનું રહેશે.

ઓનલાઇન ગુણ અપલોડ કરવાની તમામ જવાબદારી શાળાના આચાર્યશ્રીની છે.

જો કોઇ વિદ્યાર્થીઓના ગુણ ભરવામાં બેદરકારી ધ્યાનમાં આવશે કે પછી બેદરકારી ભર્યું ગુણાંકન કરવામાં આવશે તો તેની સામે શિસ્ત વિષયક કાર્યવાહી બોર્ડ દ્વારા કરવામાં આવશે.

શાળા દ્વારા ઓનલાઇન કરેલ ગુણાંકન પ્રમાણે જ ગુણપત્રક આપવામાં આવશે.

શાળા દ્વારા ઓનલાઇન મૂકવામાં આવેલ ગુણ અને ગુણપત્રકમાં પ્રિન્ટ થયેલ ગુણ બાબતે કોઇ વિસંગતતા જણાય તો શાળા દ્વારા બોર્ડમાં રજૂઆત કરવાની રહેશે. રજૂઆત કરતાં ઓનલાઇન ભરેલ ગુણની પ્રિન્ટ, શાળાના ગુણાંકન સંબધિત તમામ દસ્તાવેજો અને વિદ્યાર્થીનું ઓનલાઇન ભરાવેલ આવેદનપત્રની નકલ રજૂ કરવાના રહેશે. આ વર્ષે શાળા દ્વારા જ ગુણાંકન થનાર હોઇ ગુણચકાસણીની પ્રક્રિયા થનાર નથી.

ગુણાંકનની ગણતરીની પધ્ધતિ દરેક શાળાએ વાલી / વિદ્યાર્થીને જણાવવાની રહેશે.

આ વર્ષે શાળાઓને પરિણામની સાથે SR પણ દર વર્ષની જેમ આપવામાં આવશે.

ઓનલાઇન ગુણાંકન કરતી વખતે ઉમેદવારના નામ / અટક કે જન્મતારીખમાં ભૂલ જણાતી હોય તો ઓનલાઇન ગુણ ભર્યા બાદ તેની પ્રિન્ટ, ઓનલાઇન ભરેલ આવેદનપત્રની નકલ, શાળાના જનરલ રજીસ્ટરની નકલ, શાળાના લેટરહેડ પણ બોર્ડમાં રજીસ્ટર એડીથી અથવા ssc10exam2021@gmail.com પર મેઇલ કરવાનો રહેશે.

પરિણામ પત્રક / ગુણપત્રક વિતરણ બાદ આ વર્ષે આવા કોઇ સુધારા કરી આપવામાં આવશે નહીં. અનુભવને આધારે એવું ધ્યાને આવેલ છે કે, ઘણી શાળાઓમાં નામના સ્પેલીંગમાં મોટાપાયે ભૂલો જણાય છે જે આ વર્ષે ન થાય તેની કાળજી રાખવા જણાવવામાં આવે છે. અને જો આવી મોટાપાયે ભૂલો જણાશે તો બોર્ડ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

<u>"નિયમિત ઉમેદવારો માટે ખાસ ધ્યાનમાં રાખવાની સૂચના"</u>

1. જો નિયમિત ઉમેદવારના બોર્ડ કક્ષાના વિષયમાં ફેરફાર કરવાનો થતો હોય તો ઉમેદવારની ઓનલાઇન ભરાયેલ આવેદનપત્રની નકલમાં લાલ પેનથી વિષય સુધારો દર્શાવવાનો રહેશે. તેમજ તે ઉમેદવારના આંતરીક મૂલ્યાંકનના 80 / 20 ગુણમાંથી જે ગુણ હોય તે ગુણ<u>પત્રક : અ (1)</u> માં દર્શાવી ઇ-મેઇલ ssc10exam2021@gmail.com માં સ્કેન કરી Pdf કરી મોકલવાની રહેશે. સમયમર્યાદામાં મળેલ રજૂઆત અન્વયે જ પરિણામ દરમ્યાન સુધારો કરી આપવામાં આવશે.
2. જો કોઇ નિયમિત પરીક્ષાર્થીનો શાળા કક્ષાએ લીધેલ સૈદ્રાંતિક અને પ્રાયોગિક પરીક્ષાનો વિષય બદલાયેલ હોય અને તે વિષયના ગુણ ઓનલાઇનમાં ભરી શકાયા ન હોય તો તેના ગુણ ગુણપત્રક 'અ' માં (નમૂનો આ સાથે સામેલ છે.) વિષય દર્શાવેલ સહિત બેઠક નંબર લખી ગુણ ભરી શાળાના આચાર્યશ્રીના સહી/સિક્કા કરી અત્રેની કચેરીમાં કવર ઉપર <u>પત્રક 'અ'</u> લખી <u>તા:- 12/06/2021</u> સુધીમાં આપવાનું રહેશે. આ પત્રક સાથે સંબંધિત ઉમેદવારની ઓનલાઇન ભરાયેલ આવેદનપત્રની નકલ વિષય સુધારા સાથે જોડવાની રહેશે. તથા ઓનલાઇનમાં શાળા કક્ષાના

વિષય બદલાતા હોય તો ઓનલાઇનમાં Subject Change સીલેક્ટ કરવું તથા જે-તે વિષયના ગુણ અ-1 પત્રકમાં ભરી બોર્ડની માધ્યમિક શાખાને રજિસ્ટર્ડ ટપાલ અથવા ઇ-મેઇલ ssc10exam2021@gmail.com માં મોકલવાનું રહેશે.

3. ચાલુ વર્ષના ધો.10ના નિયમિત વિદ્યાર્થીઓના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં રિમાર્કસના ખાનામાં ધો.10ની પરીક્ષા માસ પ્રમોશનથી પાસ જાહેર થયેલ છે તેમ લખવાનું રહેશે.

4. આવેદનપત્ર રદ કરવા અંગે :-

પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારનું મૃત્યુ કે ઉમેદવારે શાળા છોડી સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ લઇ ગયા હોય તો તે પરીક્ષાર્થીઓનું આવેદનપત્ર રદ કરવાપાત્ર થશે તેવા આવેદનપત્રની યાદી પરિશિષ્ટ-6માં બેઠક નંબરના અનુક્રમમાં બનાવવી. તથા અસલ પ્રવેશિકા પર લાલ શાહીથી **TO BE REJECTED VIDE REGULATION 32 (4) (1)** લખી પરિશિષ્ટ-6 સાથે અત્રેની કચેરીએ દિન-05માં મોકલવાની રહેશે.

બી. એ. ચૌધરી
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ:-

1. પત્રક-અ
2. પત્રક-અ-1
3. પરિશિષ્ટ-6

નોંધ:- ધોરણ-10ની કોઇપણ બાબત માટે બોર્ડની ગાંધીનગર કચેરીના માધ્યમિક વિભાગનો સંપર્ક કરવાનો રહે છે.

નકલ રવાના:-

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ), ગુજરાત રાજય, તાબાની શાળાઓને જાણ કરવા સારૂં.

સવિનય નકલ રવાના:-

(1) માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
(2) માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
(3) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (એસ.એસ.સી.2021)

**"પત્રક-અ" (નમૂનો)**

જે ઉમેદવારોના શાળાકીય ONLINEમાં આંતરિક મૂલ્યાંકનના ગુણ ભરી શકાયા ન હોય તો જ 'અ' પત્રક શાળાઓએ ભરવાનું છે.

શાળાનો એસ.એસ.સી. ઇન્ડેક્ષ નંબર

શાળાનું નામ/સરનામું ..................................

...............................................................

...............................................................

...............................................................

જાવક નંબર:- .........................

તારીખ:- ................................

સૈદ્ધાંતિક – પ્રાયોગિક અને શાળા કક્ષાએ લેવામાં આવેલ વિષયોની પરીક્ષાના ગુણ એસ.એસ.સી. પરીક્ષાનું વર્ષ : .................................. માસ ............................

અમારી શાળાના એસ.એસ.સી. પરીક્ષાના નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓના વિષય ફેરફારને કારણે ONLINE માં માર્ક ભરી શકાયા નથી. તેના ગુણ નીચે પ્રમાણે મોકલી આપવામાં આવે છે:

| ક્રમ (1) | ઉમેદવારનો બેઠક નંબર (2) | વિષયનું નામ અને કોડ નંબર (3) | 50 ગુણમાંથી પ્રાપ્ત કરેલ ગુણ (4) | શાળાકીય આંતરીક મૂલ્યાંકનના 20 ગુણમાંથી ગુણ (5) |
|---|---|---|---|---|
| | દા.ત., B-363836 | (40) સ્વા.શા.શિ. (થિયરી) | 30 | 20 |
| | | (64) સ્વા.શા.શિ. (પ્રાયો) | 35 | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

→ ઓનલાઇન ગુણ ભરી ન શક્યા બદલનું કારણ ટૂંકમાં જણાવવાનું રહેશે.

<u>નોંધ :</u>- ધો.10ના ઉમેદવારો માટે કોઠા ક્રમાંક 4 અને 5માં ગુણ ભરવાનાં રહેશે.
ધો.10ના ઉમેદવારો માટે કોઠા ક્રમાંક ફક્ત 4માં ગુણ ભરવાના રહેશે.

તારીખ:- ............................

આચાર્યશ્રીની સહી અને સિક્કો

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (એસ.એસ.સી.2021)

**"પત્રક - અ - 1" (નમૂનો)**

જે ઉમેદવારોના ONLINEમાં માર્ક ભરી શકાયા ન હોય તો જ 'અ – 1' પત્રક શાળાઓએ ભરવાનું છે.

શાળાનો એસ.એસ.સી. ઇન્ડેક્ષ નંબર

| | |
|---|---|
| | |

શાળાનું નામ/સરનામું ....................................

.................................................................

.................................................................

.................................................................

જાવક નંબર: ..........................

તારીખ:- ..................................

બોર્ડ કક્ષાના વિષયોના શાળાકીય આંતરીક મૂલ્યાંકન પરીક્ષાના ગુણ એસ.એસ.સી પરીક્ષાનું વર્ષ : .................................. માસ ............................

અમારી શાળાના એસ.એસ.સી. પરીક્ષાના નીચે દર્શાવેલ ઉમેદવારોના વિષય ફેરફારને કારણે ONLINE માં માર્ક ભરી શકાયા નથી. તેના ગુણ નીચે પ્રમાણે મોકલી આપવામાં આવે છે:

| ક્રમ (1) | ઉમેદવારનો બેઠક નંબર (2) | વિષયનું નામ અને કોડ નંબર (3) | માધ્યમિક કક્ષાના પરીક્ષા આધારિત મૂલ્યાંકનના ગુણ (૮૦ માંથી) (4) | શાળાકીય કક્ષાના પરીક્ષા આધારિત આંતરીક મૂલ્યાંકનના ગુણ (20 માંથી) (5) |
|---|---|---|---|---|
| | દા.ત., B-363836 | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

→ ઓનલાઇન ગુણ ભરી ન શક્યા બદલનું કારણ ટૂંકમાં જણાવવાનું રહેશે.

<u>નોંધ:-</u> ધો.10ના ઉમેદવારો માટે કોઠા ક્રમાંક 3માં વિષય અને 4 અને 5 માં ગુણ ભરવાનાં રહેશે.

તારીખ : ...............................

આચાર્યશ્રીની સહી અને સિક્કો

# પરિશિષ્ટ - 6

વર્ષ-2021થી ધો.10 એસ.એસ.સી પરીક્ષા માટે આપવામાં આવેલ પ્રવેશપત્રોમાંથી કોઇ ઉમેદવારનું નામ રદ કરવા માટે તેના નામની યાદી સામે નોંધ કરવી અને લાલ શાહીથી **TO BE REJECTED VIDE REGULATION 32 (4) 1*** અવશ્ય લખવું તેમજ તેની અલગ યાદી નીચેના કોલમમાં માહિતી ભરી મોકલવાની રહેશે.

વર્ષ-2021ની પરીક્ષા માટેના પ્રવેશ કમી કરવાના છે તેવા પરીક્ષાર્થીઓની યાદી

| ગ્રુપ: | |
|---|---|

| શાળાનો ઈન્ડેક્ષ નંબર | | | | | |
|---|---|---|---|---|---|

| ક્રમ | ઉમેદવારનું નામ | પ્રવેશપત્રોની યાદીમાં બેઠક નંબર | પ્રવેશપત્ર પરત ખેંચવાનું સબળ કારણ |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ઉપરોક્ત યાદી મુજબ કુલ .................. ઉમેદવારોની અસલ યાદી આ સાથે મોકલવામાં આવે છે.

સ્થળ : ................................

તારીખ : ..............................

આચાર્યશ્રીની સહી અને સિક્કો